# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
'જ્યોતિર્મય' પરિસર
શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી
અમદાવાદ-382481
ઈ-મેઈલ : feedback@baou.edu.in , Website : www.baou.edu.in

જા. નં. બાઆંઓયુ/નિયામક/પ્રવેશ/બીપીપી-પ્રમોટી/141473-141890/2015 તા. 01/10/2015

**વિષય : બી.પી.પી.ના વિદ્યાર્થીઓને ફેબ્રુઆરી-૨૦૧૬ના પ્રથમ વર્ષ બી.એ./બી.કોમ.માં પ્રવેશ આપવા બાબત**

ભાઈશ્રી/બહેનશ્રી,

અભિનંદન !

આપશ્રીએ આ યુનિવર્સિટીના સ્નાતક પ્રારંભિક અભ્યાસક્રમ બેચલર્સ પ્રેપરેટરી પ્રોગ્રામ (બી.પી.પી.) ની સત્રાંત પરીક્ષા સફળતાપૂર્વક પસાર કરેલ છે જે બદલ હાર્દિક અભિનંદન. આ આપની ધગશ, સંકલ્પ અને સખત મહેનતને કારણે શક્ય બની શક્યું છે. અમને વિશ્વાસ છે કે આપ આ રીતે દૃઢ મનોબળથી મહેનત કરશો તો ત્રણ વર્ષમાં સ્નાતક થઈ શકશો.

હવે આપ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રથમ વર્ષ બી.એ./બી.કોમ.માં પ્રવેશ મેળવવાને પાત્ર છો. જેથી બેચલર્સ ડીગ્રી પ્રોગ્રામ (બી.ડી.પી.)ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેનું નિયત નોંધણીપત્રક આ સાથે મોકલવામાં આવે છે. જે સંપૂર્ણ વિગતો, નિયત ફી સાથે પે-ઈન-સ્લીપ/સ્ટેટ બેંક કલેક્ટ દ્વારા સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની શાખામાં અથવા પોસ્ટલ રિસીપ્ટ દ્વારા પોસ્ટ ઓફિસમાં ભરી તથા તેની સૂચના અનુસારની ઓરીજીનલ કોપી ફોર્મ સાથે જોડી, તેની વિગતોનો યોગ્ય ઉલ્લેખ પ્રવેશફોર્મમાં કર્યા બાદ સંપૂર્ણ ફોર્મ તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં રૂબરૂમાં આપના કેન્દ્ર ખાતે જમા કરાવશો. નિયત સમયગાળા દરમ્યાન ફોર્મ જમા ન કરાવનારનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. ઉપરાંત આપ **BPP** ના પ્રવેશ મેળવ્યાના બે વર્ષ સુધી જ સ્નાતક અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર રહેશો, જેની નોંધ લેશો.

પાઠયક્રમ (વિષય)ની પસંદગી માટેની જરૂરી માહિતી આ સાથેના પત્રકમાં સામેલ છે જે વાંચી સમજ્યા પછી જ નોંધણીપત્રક ભરશો. **પ્રવેશફોર્મ સાથે આપના BPP અભ્યાસક્રમના ઓળખપત્રની ઝેરોક્સ બિડવી જરૂરી છે.**

આપની શૈક્ષણિક સમસ્યાઓ અંગે માર્ગદર્શન માટે આપના અભ્યાસકેન્દ્રના જીવંત સંપર્કમાં રહેશો. પ્રવેશ, પરીક્ષા તેમજ અન્ય વિભાગને લગતી કોઈપણ વહીવટી સમસ્યાના સમાધાન માટે જે-તે સંબંધિત અધિકારીશ્રીઓનો સંપર્ક કરી શકો છો તથા e-mail દ્વારા જાણ કરી શકો છો. જે અંગેના સંપર્ક નંબર યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મેળવી શકો છો.

**પ્રવેશ વિભાગ સંબંધિત e-mail : baou.admission@baou.edu.in ફોન : 079-65252530**

શુભેચ્છાઓ સહ,

**ડૉ. આવા શુકલા**
**ઈ.ચા. નિયામક (SSS)**

નોંધણી નંબર બી.એ./બી.કોમ.: | | | | | | | | | | | | | | |

(કાર્યાલયના ઉપયોગ માટે)

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સરખેજ-ગાંધીનગર હાઈવે

## છારોડી, અમદાવાદ -382481

વિદ્યાર્થીએ ફોટો અહીં ચોંટાડવો ફોટા ઉપર સહી કરવી નહીં

## નોંધણીપત્રક : ફેબ્રુઆરી-૨૦૧૬

## પ્રથમ વર્ષ બી.એ./બી.કોમ.

અભ્યાસક્રમ:

| બી.એ. | બી.કોમ. |
|---|---|
| | |

(યોગ્ય ખાના ઉપર (✔)નિશાની કરો)

**વિદ્યાર્થીની સહી**

અભ્યાસકેન્દ્ર કોડ નં.: ______ અભ્યાસકેન્દ્રનું નામ: ______

BPP પાસ કરેલ વર્ષ : જાન્યુઆરી / જુલાઈ નોંધણી નંબર : BPP: ______

૧. વિદ્યાર્થીનું નામ (ગુજરાતીમાં નામ): ______

(અંગ્રેજીમાં નામ) : અટક પ્રથમ લખવી ______

Surname Name Father/Husband Name

૨. પત્રવ્યવહારનું સરનામું: ______

______

______ પીન કોડ નં. ______

**એસ.ટી.ડી.કોડ** ______ **ફોન નં.(રહેઠાણ)** ______

**ફોન નં. (ઓફિસ)** ______ **મોબાઈલ નં.** ______

૩. જન્મ તારીખ: ☐☐ ☐☐ ☐☐☐☐

૪. જાતિ ☐☐ સ્ત્રી : ૦૧, પુરુષ : ૦૨, અન્ય: ૦૩ (ટ્રાન્સજેન્ડર સહિત) {જે લાગુ પડતું હોય તે લખો}

4(A). બ્લડ ગ્રુપ : ______ 4(B). પરિણીત/અપરિણીત : ______

4(C). જ્ઞાતિ : ______ 4(D). ધર્મ : ______

૫. અનામત કક્ષા અથવા અન્ય તમે જે હોય તેનો કોડ નંબર: ☐☐
(જુઓ નોંધણીપત્રક ભરવાની વિગત : ૧)(અવશ્ય ભરવું)
જો તમે અનામત કક્ષાના હો તો :-
કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા. ______ શબ્દોમાં ______
(આવક અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર બીડવું)

૬. વિકલાંગ : ☐☐ હા : ૦૧, ના : ૦૨

૭. રહેઠાણનો વિસ્તાર: ☐☐ ગ્રામ્ય વિસ્તાર : ૦૧, શહેરી વિસ્તાર : ૦૨

૮. નોકરી/ધંધો વ્યવસાય વિગેરે જે કરતા હોય તેનો કોડ નંબર (જુઓ નોંધણીપત્રક વિગત-૩(૩)) ☐☐

૯. પસંદ કરેલ પાઠયક્રમની વિગત :

## (વિભાગ - અ)

(અ) બુનિયાદી પાઠયક્રમો (બી.એ. અને બી.કોમ. માટે ફરજિયાત)

| ક્રમ | પાઠયક્રમનું નામ | પાઠયક્રમ કોડ નંબર | | ક્રેડિટ | |
|---|---|---|---|---|---|
| (1) | માનવવિદ્યા અને સમાજવિદ્યાઓમાં બુનિયાદી પાઠયક્રમ | FHS-01 | ✔ | 8 | **ફરજિયાત** |
| (2) | ગુજરાતીમાં બુનિયાદી પાઠયક્રમ | FGT-01 | ☐ | 4 | પસંદગીના વિષયો સામેના |
| (3) | હિન્દીમાં બુનિયાદી પાઠયક્રમ | FHD-01 | ☐ | 4 | ખાનામાં(✔)ની નિશાની |
| (4) | અંગ્રેજીમાં બુનિયાદી પાઠયક્રમ | FEG-01 | ☐ | 4 | કરો (ગમે તે બે) |

(વિભાગ : બ)

(બ) **ઐચ્છિક પાઠયક્રમ : બી. એ. માટે**

*ઐચ્છિક પાઠયક્રમો જૂથ - 1 અને જૂથ - 2 એમ બન્ને જૂથમાંથી ફક્ત એક - એક પાઠયક્રમ પસંદ કરવા જેથી કુલ બે પાઠયક્રમોની વિગત :*

| જૂથ નંબર | પાઠયક્રમનું નામ | પાઠયક્રમ કોડ નંબર | ક્રેડિટ |
|---|---|---|---|
| જૂથ - 1 | ________________ | | 8 |
| જૂથ - 2 | ________________ | | 8 |

(વિભાગ : ક)

(ક) **ઐચ્છિક પાઠયક્રમ બી. કોમ. માટે**

| જૂથ નંબર | પાઠયક્રમનું નામ | પાઠયક્રમ કોડ નંબર | ક્રેડિટ | |
|---|---|---|---|---|
| (1) | ધંધાકીય વ્યવસ્થા | ECO-1 | 4 | ફરજિયાત |
| (2) | નામા પદ્ધતિ-૧ | ECO-2 | 4 | ફરજિયાત |
| (3) જૂથ - 1 અથવા જૂથ- 2 માંથી ફક્ત એક પાઠયક્રમ લેવો. | | | 8 | |

૧૨. *ફી ભર્યા અંગેની વિગત :* **(અ અથવા બ અથવા ક માંથી જે લાગુ પડતો હોય તે વિકલ્પ ભરવો)**

ફી ભરપાઈ કર્યા તારીખ : ____________________

રકમ રૂ. ____________ અંકે રૂપિયા ____________________

શાખાનું નામ અને કોડ નંબર : ____________________

**(અ) બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા** *(પે-ઈન-સ્લીપ) :* JOURNAL NO. ____________________

**(બ) સ્ટેટ બેંક કલેક્ટ રિસીપ્ટ નંબર :** ____________________

**(ક) પોસ્ટલ રિસીપ્ટ નંબર :** ____________________

સ્થળ :

તારીખ : (વિદ્યાર્થીની સહી)

**પે-ઈન-સ્લીપ/સ્ટેટ બેંક કલેક્ટથી સ્ટેટ બેંકમાં અથવા પોસ્ટલ રીસીપ્ટથી પોસ્ટ ઓફિસમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં ફી ભરી સંપૂર્ણ પ્રવેશફોર્મ આપના કેન્દ્ર પર તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં જમા કરાવવું.**

**અતિપછાત જાતિના પ્રવેશાર્થીઓ માટે સૂચના :** *અનુસૂચિત જાતિ અને જનજાતિ પૈકી અતિપછાત જાતિના પ્રવેશાર્થીઓએ આ ફોર્મની સાથે જ સ્કોલરશીપનું ફોર્મ ભરી જરૂરી બીડાણો સાથે કેન્દ્ર પર જમા કરાવવાનું રહેશે.*

**બી.ડી.પી. પ્રથમ વર્ષ અભ્યાસક્રમ અંગેની માહિતી :-**

બી.એ./બી.કોમ.ના અભ્યાસક્રમમાં ત્રણ વર્ષના કુલ 96 ક્રેડિટના પાઠયક્રમો પૂર્ણ કરવાથી સ્નાતક પદવી મેળવી શકશે. પ્રત્યેક વર્ષે કુલ 32 ક્રેડિટના પાઠયક્રમ લેવાના રહેશે.

પ્રથમ વર્ષ બી. એ. ના વિદ્યાર્થીઓને 16 ક્રેડિટના બુનિયાદી પાઠયક્રમો ફરજિયાત છે ઉપરાંત નીચે આપેલા(જૂથ -1 **અને** જૂથ -2) એમ બંને જૂથમાંથી ફક્ત એક એક ઐચ્છિક પાઠયક્રમ(આઠ ક્રેડિટ)નો પસંદ કરવાનો રહેશે. જેથી કુલ બે પાઠયક્રમ થશે જેની કુલ ક્રેડિટ 16 થશે.

જ્યારે પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓને 16 ક્રેડિટના બુનિયાદી અભ્યાસક્રમો ઉપરાંત ECO-01 (ચાર ક્રેડિટ) અને ECO-02 (ચાર ક્રેડિટ) પાઠયક્રમો પણ ફરજિયાત છે. જ્યારે જૂથ -1 **અથવા** જૂથ - 2 માંથી ફક્ત એક ઐચ્છિક પાઠયક્રમ (આઠ ક્રેડિટ)લેવાના હોય છે.

નીચે જણાવેલ બુનિયાદી પાઠયક્રમ ફરજિયાત છે. જેની કુલ 16 ક્રેડિટ છે.

| ક્રમ | પાઠયક્રમની વિગત | પાઠયક્રમ કોડ નંબર | ક્રેડિટ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| (1) | માનવવિદ્યાઓ અને સમાજવિજ્ઞાનોમાં બુનિયાદી અભ્યાસક્રમ | FHS-01 | 8 | ફરજિયાત |
| (2) | ગુજરાતીનો આધાર પાઠયક્રમ | FGT-01 | 4 | કોઈ પણ બે પાઠયક્રમ પસંદ કરવા ફરજિયાત છે. |
| (3) | હિન્દીનો આધાર પાઠયક્રમ | FHD-01 | 4 | |
| (4) | અંગ્રેજીમાં બુનિયાદી અભ્યાસક્રમ | FEG-01 | 4 | |

પ્રથમ વર્ષ બી.એ./બી.કોમ.માંથી ઐચ્છિક પાઠયક્રમો બે જૂથમાં વહેંચવામાં આવેલ છે. બધા જ પાઠયક્રમની 8 ક્રેડિટ છે.

## જૂથ - 1

| ક્રમ | પાઠયક્રમની વિગત | પાઠયક્રમ કોડ નંબર | ક્રેડિટ |
|---|---|---|---|
| (1) | Language Through Literature | EEG-01 | 8 |
| (2) | ગુજરાતી ગદ્ય (ગુજરાતી) | EGT-01 | 8 |
| (3) | હિન્દી ગદ્ય (હિન્દી) | EHD-01 | 8 |
| (4) | આધુનિક ભારત : ૧૮૫૭- ૧૯૬૪ (ઈતિહાસ) | EHI-01 | 8 |
| (5) | સમાજનો અભ્યાસ (સમાજશાસ્ત્ર) | ESO-01 | 8 |
| (6) | રાજકીય સિધ્ધાંતો અને સંસ્થાઓનો પરિચય | EPS-01 | 8 |
| (7) | અર્થશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો (અર્થશાસ્ત્ર) | EEC-01 | 8 |
| (8) | વહીવટી સિધ્ધાંત(જાહેર વહીવટ) | EPA-01 | 8 |
| (9) | ગદ્ય સાહિત્ય, આધુનિક ગદ્ય સાહિત્ય (સંસ્કૃત) | EST-01 | 8 |

## જૂથ - 2

| ક્રમ | પાઠયક્રમની વિગત | પાઠયક્રમ કોડ નંબર | ક્રેડિટ |
|---|---|---|---|
| (1) | The Structure of Modern English | EEG-02 | 8 |
| (2) | ગુજરાતી પદ્ય (ગુજરાતી) | EGT-02 | 8 |
| (3) | હિન્દી પદ્ય (હિન્દી) | EHD-02 | 8 |
| (4) | ભારત : પ્રાચીન સમયથી ઈ.સ.ની આઠમી સદી સુધી (ઈતિહાસ) | EHI-02 | 8 |
| (5) | ભારતમાં સમાજ (સમાજશાસ્ત્ર) | ESO-02 | 8 |
| (6) | ભારતમાં સરકાર અને રાજકારણ (રાજ્યશાસ્ત્ર) | EPS-02 | 8 |
| (7) | સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીનો ભારતનો આર્થિક વિકાસ (અર્થશાસ્ત્ર) | EEC-02 | 8 |
| (8) | ભારતીય વહીવટ (જાહેર વહીવટ) | EPA-02 | 8 |
| (9) | વૈદિક સાહિત્ય (સંસ્કૃત) | EST-02 | 8 |

**નોંધણી પત્રક ભરવા માટેની સૂચનાઓ :**

1. વિદ્યાર્થીઓએ સામેલ નોંધણીપત્રક અલગ કરી નીચે આપેલ સૂચનાઓ ધ્યાને લઈ કાળજીપૂર્વક ભરવું.
2. **બી.એ.ના વિદ્યાર્થી કોઈ એક વિષયને મુખ્ય વિષય તરીકે રાખી સ્નાતક થવા માંગતા હોય તેઓએ તે વિષયમાં 48 ક્રેડિટ ત્રણ વર્ષમાં પૂરા કરવાના રહેશે. જેથી તે જ વિષયના 16 ક્રેડિટના બે પાઠયક્રમો દર વર્ષે લઈને કુલ 48 ક્રેડિટ પૂરી કરવાની રહેશે. દા.ત. ગુજરાતી વિષયને મુખ્ય વિષય તરીકે રાખી સ્નાતક થવા માંગતા હોય તેવા વિદ્યાર્થીએ વર્ષમાં EGT - 01 અને EGT - 02 દ્વિતીય વર્ષમાં EGT - 03 અને EGT - 04 અને તૃતીય વર્ષમાં EGT - 05 અને EGT - 06 પાઠયક્રમ પસંદ કરવાના રહેશે. આપ આ રીતે અન્ય કોઈ ઐચ્છિક વિષય તરીકે રાખી સ્નાતક થવા માંગતા હોય તો ઉપર મુજબની રીતે જ તે વિષયની પસંદગી કરવાની રહેશે.**

3. જે તે પાઠયક્રમના નિયત કરેલા બધાજ સ્વાધ્યાયકાર્યો નિયત કરેલ તારીખ પહેલા અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરવાના રહેશે. તેમ કરવામાં ચૂકશો તો સત્રાંત પરીક્ષા આપી શકાશે નહી.

## નોંધણીપત્રકમાં ભરવાની વિગત અંગેની માહિતી :

*નીચેના કોષ્ટકમાંથી જે લાગુ પડતું હોય તે નોંધણી પત્રકમાં દર્શાવવું*

1. અનામત કક્ષા અંગેનો કોડ નંબર નીચેના કોષ્ટક અનુસાર દર્શાવો. અનામત અને અન્ય કક્ષાઓના કોડ નંબર :

| | વિગત | | કોડ નં. | | વિગત | | કોડ નં. |
|---|---|---|---|---|---|---|---|
| (1) | અનુસૂચિત જાતિ | SC | 01 | (2) | અનુસૂચિત જનજાતિ | ST | 02 |
| (3) | વિચરતી જાતિ | NT | 03 | (4) | વિસ્થાપિત વિચરતી જાતિ | DNT | 04 |
| (5) | સા. અને શા. રીતે પછાત જાતિ | SEBC | 05 | (6) | આર્થિક રીતે પછાત | EBC | 06 |
| (7) | બિન પછાત | GN | 07 | | | | |

2. વિકલાંગનો કોડ નંબર નીચેના કોષ્ટક અનુસાર દર્શાવો. અનામત અને અન્ય કક્ષાઓના કોડ નંબર (હા - 01) (ના - 02)

3. નોકરી/ધંધો વિગેરે જે કરતા હોય તેનો કોડ નંબર નીચેના કોષ્ટક અનુસાર દર્શાવો :

| | વ્યવસાય | કોડ નં. | | વ્યવસાય | કોડ નં. |
|---|---|---|---|---|---|
| (1) | સરકારી નોકરી | 01 | (2) | ખાનગી સંસ્થામાં નોકરી | 02 |
| (3) | કૃષિ | 03 | (4) | વેપાર/ધંધો | 04 |
| (5) | અભ્યાસ | 05 | (6) | ઘરકામ | 06 |
| (7) | અન્ય | 07 | | | |

4. બી.એ.ના વિદ્યાર્થીઓએ નોંધણી પત્રકના મુદ્દા નંબર 10 (ક) સિવાયની બધી જ વિગત ભરવાની રહેશે. જ્યારે બી.કોમ.ના વિદ્યાર્થીઓએ મુદ્દા નંબર 10 (બ) સિવાયની બધીજ વિગતો ભરવાની રહેશે.

5. વિદ્યાર્થી માટે ફી ભરવાના ત્રણ વિકલ્પ છે. **(અ)** સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની કોઈપણ શાખામાં Pay-in-Slip દ્વારા (વિદ્યાર્થીએ ચાર કોપી માંથી એક કોપી પોતાની પાસે, એક કોપી ફોર્મ સાથે, એક કોપી બેંકને તથા એક કોપી સેન્ટર પર જમા કરાવવાની રહેશે. વિદ્યાર્થીએ પોતાની કોપી સાચવીને રાખવી) **(બ)** સ્ટેટ બેંક કલેક્ટ સુવિધા દ્વારા ઈન્ટરનેટ બેંકીંગથી (જેની રિસીપ્ટ SBIની વેબસાઈટ પરથી મળી શકશે) **(ક)** પોસ્ટ ઓફિસ દ્વારા - (વિદ્યાર્થીએ ચાર કોપીમાંથી એક કોપી પોતાની પાસે, એક કોપી ફોર્મ સાથે, એક કોપી પોસ્ટ ઓફિસને તથા એક કોપી સેન્ટર પર જમા કરાવવાની રહેશે. વિદ્યાર્થીએ પોતાની કોપી સાચવીને રાખવી) આ માટે ચાર કોપીમાં ફી રિસીપ્ટમાં વિગતો ભરીને કોઈપણ કમ્પ્યુટર સુવિધાવાળી પોસ્ટ ઓફિસમાં ફી જમા કરાવવી. વિદ્યાર્થીએ પે-ઈન-સ્લીપ અથવા પોસ્ટલ રિસીપ્ટમાં પ્રવેશ ફોર્મ નંબરમાં P, નામ, સેન્ટર કોડ, કોર્સનું નામ, કોર્સ ફી લખવાની રહેશે.

**વિદ્યાર્થીએ ફી રસીદમાં બેંક/પોસ્ટના સહી સિક્કા, જનરલ નંબર/રિસીપ્ટ નંબર, તારીખ, બ્રાન્ચ કોડ લખાયાની ચોકસાઈ અવશ્ય કરી લેવી અને તેની નિયત કરેલી વિગત ફોર્મની જે-તે કોલમમાં અચૂક ભરવી. વિદ્યાર્થી કોર્સની ફીના બે કે તેથી વધુ અલગ અલગ ભાગ પાડી ફી ભરી શકશે નહી. વિદ્યાર્થીએ કોર્સની ફી __Draft__ કે ચેકથી ભરવી નહી.** બેંક ચાર્જિસ અથવા પોસ્ટલ ચાર્જિસ વિદ્યાર્થીએ ભરવાના રહેશે.

6. પ્રવેશ મેળવવા માટે ભાઈઓની ફી **રૂા. 1800/-** તથા બહેનોની ફી **રૂા. 1200/-** છે. અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ જે તે કોર્સમાં પોતાનો પ્રવેશ થઈ ગયા બાદ કેન્દ્ર પરથી શિષ્યવૃત્તિનું મેળવવા માટેનું અરજીપત્રક ભરી સાથે રૂા. 2.5 લાખ સુધીની વાર્ષિક આવકનું સક્ષમ અધિકારી (ગેઝેટેડ અધિકારી/મામલતદાર/ચીફ ઓફિસર/તાલુકા વિકાસ અધિકારી-TDO)નું પ્રમાણપત્ર તથા જાતિનું પ્રમાણપત્ર બીડવાથી રાજ્ય સરકારના ખાતા દ્વારા લાયક ઠર્યા બાદ પ્રોગ્રામ ફી માફી મંજૂર થયે પરત કરવામાં આવશે જેની વાર્ષિક આવક રૂા.2.5 લાખથી વધુ હોય તેવા વિદ્યાર્થીઓને(ભાઈઓને) શિષ્યવૃત્તિ મળવાપાત્ર નથી. શિષ્યવૃત્તિનું ફોર્મ ભરાઈ ગયા બાદ જરૂરી વિગતો સાથે નિશ્ચિત સમયમર્યાદામાં અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર પર અથવા યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવું. **જે તે સત્રની શિષ્યવૃત્તિ ફોર્મ જમા કરાવવાની તારીખ પૂર્ણ થઈ ગયા બાદ શિષ્યવૃત્તિ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં જેની નોંધ લેવી.**

7. **સંપૂર્ણ રીતે ભરેલ ફોર્મ આપના કેન્દ્ર પર જમા કરાવશો. તારીખ પૂર્ણ થયા પછી તે સ્વીકારવામાં આવશે નહીં.**

8. **છેલ્લી તારીખ સુધીમાં ફોર્મ નહિ મળે અથવા તો પોસ્ટમાં મોડું થશે તો તે અંગેની જવાબદારી આ યુનિવર્સિટીની કે અભ્યાસકેન્દ્રની રહેશે નહિ, જેની નોંધ લેવી.**

9. **ફોર્મ ભરીને આપના કેન્દ્ર પર જમા કરવાની છેલ્લી તા. 31-12-2015 છે ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.**

**ખાસ અગત્યની નોંધ**

**તમોએ નોંધણીપત્રકમાં દર્શાવેલ નામ જ તમારી માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટમાં આવશે. પાછળથી કોઈપણ જાતનો ફેરફાર કરવામાં આવશે નહીં. જેની નોંધ અચૂક લેવી. તમારા નામનો અંગ્રેજીમાં સ્પેલિંગ (જોડણી) શાળા છોડયાના પ્રમાણપત્ર (સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ) મુજબ જ દર્શાવવો, જેથી ભવિષ્યમાં મુશ્કેલી ન પડે.**